ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૩-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### સંસદભવનમાં 'તૂ-તૂ : મૈં-મૈં'ની તડાફડી

દુનિયાની સૌથી મોટી લોકશાહી તરીકેની પ્રતિષ્ઠા ધરાવતાં 'મેરા ભારત મહાન' ની સંસદમાં પ્રજાના ચૂંટાયેલાં પ્રતિનિધિઓ વચ્ચે ક્યારેક મીઠી મજાક થતી રહે છે તો ક્યારેક એકમેકનાં લૂગડાં ઉતારવાના કારસા રચાય છે. ઇંદિરા ગાંધી પહેલવહેલાં સાંસદ બન્યાં ત્યારે તત્કાલીન જનસંઘના સાંસદ અટલબિહારી વાજપેયીએ એમનું સ્વાગત કરતાં કવિત્વમય કોમેન્ટ કરી હતી : ઇશ્વર બડા દયાલુ હૈ. ઇસ વિરાને મેં કમ કે કમ એક સુંદર સુહાવના મુખડા તો દેખને કો મિલેગા! એમની ચુટકીથી પ્રિયદર્શિની નહેરૂ નંદિનીના રૂપાળા મુખડા પર શરમના શેરડા ફૂટ્યા હતા. તાજેતરમાં વડાપ્રધાન મનમોહનસિંહ અને વિપક્ષનાં નેતા સુષમા સ્વરાજ વચ્ચે શેર-શાયરીની રમઝટ જામી હતી. આવા સુભગ પ્રસંગો સંસદની ગરિમાને સૌંદર્ય મંડિત કરતા હોય છે. પરંતુ ક્યારેક એથી તદ્દન સામા છેડાની વિષાદ પ્રેરક ઘટનાઓ બને છે. ત્યારે સંસદ-જેને આપણા લાડીલા વિશ્વકવિ ઉમાશંકર જોશી 'ભારત ચોરો' કહેતા - સમરાંગણમાં ફેરવાઇ જતી હોય છે. છેલ્લા બે દિવસ દરમિયાન 'યુપીએ-૨'ની સરકારને સમર્થન આપતા સમાજવાદી પાર્ટીનાં સર્વેસર્વા મુલાયમસિંહ વિરૂધ્ધ સરકારના પોલાદમંત્રી બેનીપ્રસાદ વર્માએ કરેલાં મહદંશે સાચાં છતાં સંસદીય ભાષાની રૂએ અભદ્ર ઉચ્ચારણો અને શ્રીલંકામાં તમિળ પ્રજાના માનવાધિકારોનાં હનન મુદ્દે સરકારની ભાગીદાર રાજકીય પાર્ટી - દ્રવિડ મુનેત્ર કળગમ (ડીએમકે) દ્વારા કરાયેલ ઊહાપોહને કારણે સંસદનું વાતાવરણ કલુષિત થવા પામ્યું છે. મુલાયમસિંહને જાણે કરૂણાનિધિના આવા આક્રોશનો આગોતરો અણસાર આવી ગયો હોય એમ તેઓ એમનાં પક્ષના કાર્યકરોને ચૂંટણી પણ આવી શકે છે એવો સંકેત આપી ચૂક્યા છે. બળતામાં ઘી હોમતાં હોય એમ બેનીપ્રસાદ વર્માએ ગોંડામાં જઇને સમાજવાદી સુપ્રીમો વિરૂધ્ધ ઝેર ઓક્યું તેથી ઉલ્ટાના મુલાયમસિંહ કોંગ્રેસ માટે ઉપાડ્યા ન ઉપડે એટલા ભારે બની રહ્યાં છે. બેનીપ્રસાદ મુળે મુલાયમના જ માણસ હતા. મુલાયમસિંહની સરમુખત્યારશાહી સામે બંડ પોકારી ચૂંટણી પહેલાં પહેલાં કોંગ્રેસમાં જોડાયા હતા અને ચૂંટાઇ આવ્યા હતા. જોકે 'બહારના' ગણી કોંગ્રેસે શરૂ શરૂમાં ઓરમાયું વર્તન રાખ્યું પરંતુ પછી સમય જતાં એમને મહત્ત્વ આપવા માંડ્યું અને કેબિનેટ મંત્રીનો દરજ્જો પણ આપ્યો. બેની પ્રસાદને સરકારમાંથી રૂખસદ આપવાનો અને નિવેનદ બદલ માફી માગવાનો આગ્રહ સેવતા મુલાયમે ત્યાં સુધી કહ્યું કે જો હું 'આતંકવાદી' હોઉં તો સરકાર મને પકડીને જેલમાં પૂરે. આખરે બેનીપ્રસાદ એમનું નિવેદન બદલવા તૈયાર ન થયા ત્યારે નાછૂટકે સરકાર અને કોંગ્રેસ વતી કમલનાથે મુલાયમની માફી માગી. કરૂણાનિધિ તમિલ અસ્મિતાના મુદ્દે સરકાર સાથે છેડો ફાડવા સુધીનું અંતિમવાદી વલણ અપનાવશે એવી યુપીએ સરકારના વહીવટદારોને સ્વપ્ને પણ કલ્પના નહોતી. પરંતુ લોઢું બરાબર તપેલું હોય ત્યારે જ ઘા કરવાની કૂટનીતિના જાણતલ તમિલ નેતાઓ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની લાખ સમજાવટ છતાં સરકાર અને યુપીએ ગઠબંધન સાથે છૂટાછેડા લઇ પોતાનું વજૂદ પરખાવી દીધું. અલબત્ત થોડા જ વખત પછી એમણે સરકારને ૨૧મી તારીખ સુધીમાં પોતાની માગણી મુજબ પ્રસ્તાવ કરે તો ટેકા અંગે પુનર્વિચારણા કરવાનું આશ્વાસન પણ આપ્યું છે. છતાં, કોંગ્રેસ માટે કપરો કસોટીકાળ શરૂ થઇ ચૂક્યો છે. આગળ કૂવો છે, પાછળ ખાઇ છે. એને ૨૦૧૪ની વૈતરણી પાર કરવા માટે મજબૂત સાથીઓની જરૂર છે. ત્યાં ચૂંટણી પહેલાં જ એની નાવ ખરાબે ચડી ગઇ છે.

# રસાયણ વિજ્ઞાનનું પેપર સરળ પણ લેન્ધી થિયરી અઘરી પડી

## લંબાણપૂર્વકની થિયરીના લીધે પરીક્ષાર્થીઓનો સમય ખૂટ્યો

ગાંધીનગર, તા. ૧૯

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૪માં આજે રસાયણ વિજ્ઞાનની પરીક્ષા હતી કેમેસ્ટ્રીનું પેપર પાઠ્યપુસ્તક આધારિત અને સરળ હતુ પરંતુ થિયરી લંબાણપૂર્વકની હોવાથી હોંશિયાર વિદ્યાર્થીઓ પણ ૫ થી ૧૦ ગુણના ઉત્તરો આપવાનું ચુકી ગયા હતા. પરીક્ષામાં ૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૪ની પરીક્ષાના બીજા દિવસે આજે જિલ્લામાંથી ૫૪૦૬ વિદ્યાર્થીઓ રસાયણ વિજ્ઞાનની પરીક્ષા આપી હતી, જ્યારે ૮ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. રસાયણ વિજ્ઞાનનું પેપર સરળ અને પાઠ્યપુસ્તક આધારિત હોવાથી પરીક્ષાર્થીઓએ નિરાંત અનુભવી હતી. વેદ ઈન્ટરનેસનલ સ્કૂલના રસાયણ વિજ્ઞાન વિષયના તજજ્ઞ તપન ત્રિવેદીએ જણાવ્યુ હતું કે પ્રશ્નપત્ર સરળ હતું. પરંતુ સેમેસ્ટર-૪માં કેમેસ્ટ્રીનો સિલેબસ મોટો છે તેવી જ રીતે પ્રશ્નપત્ર પણ થોડુ લેન્ધી હતું. પાર્ટ-બી માં થિયરી લંબાણપૂર્વકની જણાઈ હોવાથી ઘણાખરા હોંશિયાર વિદ્યાર્થીઓને પણ પૂરેપૂરા પ્રશ્નોના ઉત્તરો આપવામાં સમય ખૂટ્યો હતો. લાંબા સિલેબસના લીધે વિદ્યાર્થીઓએ રાત્રે ઉજાગરા કરી રીવીઝન વર્ક કરવું પડ્યુ હતું. જ્યારે પ્રશ્નપત્રમાં થિયરીના અમુક પ્રશ્નો લંબાણપૂર્વકના પુછાતા પરીક્ષાર્થીઓએ પુરેપુરા ગુણ મેળવવાનું મુશ્કેલ બન્યું હતું. જો કે પરીક્ષાના પ્રારંભે ગણિતના અઘરા પ્રશ્નપત્ર બાદ રસાયણ વિજ્ઞાનના સરળ પેપરે વિદ્યાર્થીઓની ચિંતા હળવી કરી હતી.

## ઓમ લેન્ડ માર્ક સ્કૂલનો ૨૨મીએ વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ (ગુજરાતી માધ્યમ)ના વિદ્યાર્થીઓનો વાર્ષિકોત્સવ 'થનગનાટ' તા. ૨૨મી માર્ચ ૨૦૧૩ને શુક્રવારે સાંજે ૭.૩૦ કલાકે ઓ એજ્યુકેશન કેમ્પસ, મોટા ચિલોડા, ગાંધીનગર ખાતે યોજાશે. વિદ્યાર્થીઓના 'થનગનાટ' કાર્યક્રમને માણવા સૌ નગરજનોને ઉપસ્થિત રહેવા આચાર્ય ઈર્શાદ શેખે ખાસ જણાવ્યું છે.

## પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં ડૉ. જી.એમ. મલિકના માર્ગદર્શન હેઠળ વિરલ હસમુખ રાવલે તાજેતરમાં 'ફિઝીકો કેમીકલ કેરેકટરાઈઝેશન ઓફ ગ્રાઉન્ડ વોટર ઈન એન્ડ એરાઉન્ડ સુરત' વિષય પર મહાશોધ નિબંધ લખી પી.એચ.ડી.ની પદવી મેળવી છે.

## એસ.વી. પી.ટી.સી. કોલેજના કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેમ્પસની એસ.વી. પી.ટી.સી. ઈંગ્લિશ મિડિયમ કોલેજના વિદ્યાર્થીઓને સારુ પ્લેસમેન્ટ મળે તે માટે તાજેતરમાં કેમ્પસ ઈન્ટરવ્યુ યોજવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર, સિદ્ધપુર, વડગામ, કલોલ, માણસા, ધાનેરા અને નજીકની સંસ્થાઓએ ભાગ લીધો હતો.

એસ.વી. પી.ટી.સી. કોલેજના કેમ્પસ ઈન્ટરવ્યુમાં ૨૦ જેટલી શાળાઓ જોડાઈ હતી. અમદાવાદ, ગાંધીનગર, હિંમતનગર, સિદ્ધપુર, વડગામ, કલોલ, માણસા અને ધાનેરાની શાળાઓના આચાર્ય અને વડા હાજર રહ્યા હતા અને તાલીમાર્થીઓ ઈન્ટરવ્યુ લઈ તેમની આવડત પ્રમાણે ૫૦૦૦ રૂ. થી માંડીને ૧૨,૦૦૦ સુધીના પગારની દરખાસ્ત કરી હતી. પીટીસી કોલેજના આચાર્યા મિલી સિંહે આ પ્રસંગે દરેક સ્કૂલોને આવકારી અને સત્કારી હતી તથા ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી માધ્યમના તાલીમાર્થીઓ માટે આગામી સમયમાં સારી અને ઉજ્જવળ તકો રહેલી છે તેવી વાત કરી હતી.




અમને સાચવો, હજુ વખત હાથમાં છે પેટ્રોલ ખૂટી જશે પછી ઘોડા તો શું... ગધેડા પણ નહીં મળે તમને...!!

## આજે ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોલેજમાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલા કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં સ્થિત ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં આજે તા.૨૦મી માર્ચે યુ.જી.સી. અનુદાનિત સ.પી.ઈ. યોજના અંતર્ગત એક દિવસનો રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે.

રાષ્ટ્રીય સેમિનાર સંસ્કૃત સાહિત્ય પરંપરામાં નૈતિક મૂલ્યો અને માનવાધિકારોની અભિવ્યકિત અંતર્ગત યોજાશે. જેમાં ઉદઘાટન પ્રસંગે પ્રમુખ વલ્લભભાઈ પટેલ અધ્યક્ષ તરીકે હાજરી આપશે. ડૉ. ડી.ટી. કાપડિયા ઉદઘાટક તરીકે તથા સારસ્વત મહેમાનોમાં ડૉ. રમાકાંત શુકલ, ડૉ. ઉમા વૈદ્ય, ડૉ. વસંત ભટ્ટ અને બાસુઘોષ દાસ ખાસ ઉપસ્થિત રહેશે. વ્યાખ્યાન તથા શોધ પત્ર પણ આ પ્રસંગે રજૂ થશે. સમાપન પ્રસંગે ડૉ. વિજય પંડયા અને ડૉ. હર્ષ દવે માધવ ખાસ ઉપસ્થિત રહેશે. જેનો સૌ અભ્યાસુઓ લાભ લેશે.

## માણેકબા પી.ટી.સી. કોલેજની તાલીમાર્થીનીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

અડાલજ ગામની માણેકબા પીટીસી કોલેજની ૧૬૫ તાલીમાર્થિનીઓ અને ૧૨ અધ્યાપકો દ્વારા તાજેતરમાં ગાંધીનગરનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીનીઓએ અક્ષયપાત્ર ફાઉન્ડેશન સંસ્થા, મધુર ડેરી, ગુજરાત વિધાનસભા,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને જી.સી.ઈ.આર.ટી.ની સફળ મુલાકાત લીધી હતી અને જરુરી માહિતી પ્રાપ્ત કરી હતી.

માણેકબા પી.ટી.સી. કોલેજની વિદ્યાર્થીનીઓએ સૌ પ્રથમ અક્ષયપાત્ર ફાન્ડેશનની મુલાકાત લઈ મધ્યાહન ભોજન વિશેની વિવિધ કામગીરી સંભાળી હતી. મધુર ડેરીની મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓને ચેરમેન શંકરસિંહ રાણાએ જરૂરી માહિતી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવી હતી.

ગુજરાત વિધાનસભાની મુલાકાત પણ વિદ્યાર્થીનીઓએ લીધી હતી. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તાલીમાર્થિની બહેનો સાથે રુબરુ મળી સીધો વાર્તાલાપ કર્યો હતો. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અને જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરની મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓને નાયબ નિયામક એચ.એન. ચાવડા અને પ્રકાશભાઈ સોનીએ જી.સી.ઈ.આર.ટી.ની કામગીરીની વિસ્તૃત માહિતી આપી હતી. પ્રાચાર્ય ડૉ. ટી.એસ. જોશીએ દરેકને આવકાર્યા હતા તથા ઉર્મિલાબેન પંચાલે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

## આર.એચ.પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ માટે કેમ્પસ ઈન્ટરવ્યું યોજાયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરની જાણીતી સંસ્થા આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજના તાલીમાર્થીઓના ઉજ્જવળ ભાવિ માટે સંસ્થા દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યૂ યોજવામાં આવ્યા હતા. જેમાં તાલીમાર્થીઓને પાટણ, કલોલ, કડી, હિંમતનગર, ગાંધીનગર અને અમદાવાદની શાળાઓમાં ૬૦૦૦ થી માંડીને ૨૫૦૦૦ સુધીના પગારની ઓફર કરવામાં આવી હતી. ઉમેદવારોએ સમગ્ર કેમ્પસ ઈન્ટરવ્યૂને પોતાની ભાવિ માટે સફળ બનાવ્યો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર સંચાલિત આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજે તેમના પ્રશિક્ષણાર્થીઓ માટે ગત રોજ ઈન્ટરવ્યૂનું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં પાટણ, કલોલ, કડી, હિંમતનગર અને ગાંધીનગર-અમદાવાદ જિલ્લાની આસપાસની જુદી જુદી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ભાગ લીધો હતો.



કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ જુદી જુદી સ્કૂલોમાં ઈન્ટરવ્યૂ આપ્યા હતા. આ કેમ્પસ ઈન્ટરવ્યૂમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ-ચાંદખેડા, રૂમી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ-હિંમતનગર, એસ.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ-ગાંધીનગર, ફિરદોસ અમૃત સેન્ટ્રલ સ્કૂલ-અમદાવાદ, શાંતિ એશિયાટીક-ઈફકો-કલોલ, મક્તબા સ્કૂલ-પાટણ, સિદ્ધાર્થ પબ્લિક સ્કૂલ-હિંમતનગર, એન.એમ. બાલવા-સિદ્ધપુર, મહારાજા અગ્રસેન-વટવા, અમદાવાદ, લોટસ સ્કૂલ-અમદાવાદ, એમ.જી. ચૌધરી સ્કૂલ-ગાંધીનગર સ્વામિનારાયણ વિદ્યામંદિર, બીએપીએસ, રાયસણ, એસ.વી. ઈંગ્લિસ મિડિયમ સ્કૂલ, કડી, સ્કૂલ ઓફ એક્સેલેન્સ-પેથાપુર, ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા વગેરે જેવી સ્કૂલોએ આ કેમ્પસ ઈન્ટરવ્યૂમાં ભાગ લીધો હતો. પ્રશિક્ષણાર્થીઓમાંથી લગભગ ૮૦ ટકા જેટલા પ્રશિક્ષણાર્થીઓનું જુદી જુદી સ્કૂલોમાં સિલેક્સન થઈ ગયું છે. તે ઉપરાંત અમુક બીજા પ્રશિક્ષણાર્થીઓને ડેમોસ્ટ્રેસન લેશન માટે બોલાવવામાં આવ્યા છે. ત્યાર બાદ તેમની નિમણૂંક કરવામાં આવશે. યોગ્યતા અનુસાર પ્રશિક્ષણાર્થીઓને મહિનાનો પગાર ૬૦૦૦ થી લઈને ૨૫,૦૦૦ સુધીનો ઓફર કરવામાં આવી છે.

કેમ્પસ ઈન્ટરવ્યૂ દરમિયાન ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ એમના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે, ખરેખર અમારા શિક્ષક તરીકેના વ્યકિતત્વ ઘડતરની ટ્રેનીંગ માટે આ કોલેજનો મોટો ફાળો રહેલો છે. ઈન્ટરવ્યૂ આપવાનો અમારા જીવનનો આ પ્રથમ અનુભવ હતો. અમારા જીવન મૂલ્યોના અસ્તિત્વ માટે અમે કોલેજ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના આભારી રહીશું તથા તે મૂલ્યોની સુવાસ અમારા વ્યવસાય દ્વારા સમાજમાં ફેલાવવાનો પુરતો પ્રયાસ કરીશું. પ્લેસમેન્ટ સેલની સફળ કામગીરી સંભાળનાર પ્રા. સુપ્રિયા બેનરજીની કામગીરી પ્રશંસનીય રહી હતી.

## સાદરા વિદ્યાપીઠમાં વિવેકાનંદ વિશે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત માઈક્રો બાયોલોજી વિભાગ સાદરા મુકામે તાજેતરમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

સાદરા સુક્ષ્મજીવાણું વિજ્ઞાન વિભાગના ઈન્ચાર્જ ડૉ. નિખિલ ભટ્ટે જણાવ્યું છે કે, સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે રજનીભાઈ ભટ્ટનું વ્યાખ્યાન તાજેતરમાં યોજાયું હતું. તેમણે વિવેકાનંદ વિશે અને મનની એકાગ્રતા અંગેના અભાવના કારણો તથા પાંચ જ્ઞાનેદ્રિયો દ્વારા મનને કેવો આહાર આપવો જોઈએ તે વિશે વિદ્યાર્થીઓને સરસ જ્ઞાન પીરસ્યું અને વિવેકાનંદને નજીકથી સમજાવવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. સમગ્ર વ્યાખ્યાન સભાને સફળ બનાવવા માઈક્રો બાયોલોજી વિભાગના અધ્યાપકગણ દ્વારા ખાસ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# આ સંસારમાં અનેક મુશ્કેલી છે, જ્ઞાનનો માર્ગ દુષ્કર છે માટે હે શિષ્યો જાગૃત થાઓ... જાગૃત થાઓ

## સંસ્કાર ચિંતન

– અનંત ન. વ્યાસ

"વયસિ ગતે કઃ કામવિકાર, શુષ્કે નીર કઃ કાસાર
નષ્ટે દ્રવ્યે કઃ પરિવારઃ જ્ઞાતે તત્વે કઃ સંસાર"

જગતગુરૂ આચાર્ય શંકરાચાર્યના અતિ પ્રસિધ્ધ સ્તોત્ર 'મગ ગોવિન્દ' માંની આ કંડિકાઓ છે. આ સ્તોત્રમાં પરમતત્વ પરબ્રહ્મની પહેચાન અને તેને આંબવાનો માર્ગ કંડારવામાં આવ્યો છે. 'સાધન - પંચક'માં તો ચાલીસ જેટલા પગથિયાં છે. જ્યારે આ સ્તોત્રમાં સિમિત પ્રશ્નો દ્વારા આપણી ચેતનાને જાગૃત કરવાનો સઘન પ્રયત્ન છે. આ શ્લોકનાં પ્રથમ ચરણનો પ્રશ્ન છે.

વયસિ ગતે કઃ કામવિકાર? ઉતરતી વયે કામનો વિકાસ કેમ થાય? કામભાવના તો યુવાવસ્થામાં હોય તો તે સ્વાભાવિક મનાય. પણ યૌવન ગયું તોય કામ રહ્યો તે કેવું? કારણ અવિવેકથી જે ભ્રમ ઊભો થાય છે તે આપણને કામ - ભોગવવા તરફ પ્રેરે છે. તમામ અનર્થોનું મૂળ આ કામ - વાસના જ છે. કામની અસર તળે ચિત્ત વિકલતા અનુભવો, પરિણામે વ્યક્તિ સારા-નરસાનું ભાન પણ ભુલી જાય.

અવિવેકથી કયો ભ્રમ પેદા થાય છે. આ સંસાર તો દુઃખમય છે. તેમાં ક્ષણિક સુખ મેળવવાનો ભ્રમ, દુઃખમય સંસારના તાપથી બચવા અને સુખ-પ્રાપ્તિની પ્રબળ ઇચ્છાથી વ્યક્તિ કામનો આશરો લે છે. 'તાપથી અકળાયેલો ઉંદર સાપની ફેણની છાયાનો આશરો લે' તેમ માનવી પણ કામથી સુખ મળશે તેવી ભ્રાન્તિ સેવે છે. પરંતુ આ સુખ ક્ષણિક છે. એ ન તો સુખ છે ન તો આનંદ... એ માત્ર સુખાભાસ છે. આમ છતાં યોવનમાં એ ક્ષમ્ય ગણાય.

ભગવાન શ્રી કૃષ્ણે 'કામ'ને પણ પોતાની વિભૂતિમા સ્થાન આપ્યું છે. યુવાવસ્થામાં કામ પ્રબળ હોય છે. આ સત્યનાં જાણકાર ઋષિઓએ ગૃહાસ્થાશ્રમની વ્યવસ્થા કરી છે. ત્યાં પ્રભુની વિભૂતિ છે પણ ઉતરતી અવસ્થાને કામ - ભોગવવા વલખાં મારવા એ તો અતિ અનિષ્ટ તથા હાનિકારક છે. વય વધે તેમ કામની પ્રબળતા ઘટવી જોઇએ. સાત દાયકા ગયેલાં અને છતાં પણ વિષય - ભોગમાં રચ્યા પચ્યાં પુરૂષો માટે આ સવાલ છે. હવે તો શરીરની શક્તિ ક્ષીણ થઇ છે. કેશ શ્વેત થયા છે. હવે ઇન્દ્રિયની શક્તિ વિરામ માર્ગે છે. હવે કામ-વિકાર કેમ અનુભવો છો? હવે તો જાગો... વિષય વાસનાનો ત્યાગ કરો, હવે તો સદાચારનું પાલન કરવાનો, ધર્મશાસ્ત્રનું અધ્યયન કરવાનો તથા કથા શ્રવણ કરવાનો સમય છે. એ માર્ગે આગળ વધતો પરમ-તત્વને જાણી શકાશે...

શુષ્કે નીરે કઃ કાસાર... જ્યાં સુધી પાણીથી ભરેલ છે. ત્યાં સુધી એ તળાવ કહેવાય. ત્યાં સુધી તળાવ નામ સાર્થક છે. પણ પાણી સુકાઇ જાય પછી તો તે ખાડો... અને ખાડો તો તમામ પ્રકારની ગંદકીયું સંગ્રહસ્થાન.

વહેતી હોય તોજ નદી કહેવાય. તેમ પાણીમાં ભરેલ છે. તે તળાવ મનાય. અને તળાવમાં કાંપ હોય, કાદવ પણ હોય, પણ એ કાદવમાંથી મજાના કમળ ફૂટે. ચારે તરફ તેનું સૌંદર્ય રેલાય. સુગંધ પ્રસરે... પાણી જ જ્યાં સુકાઇ જાય ત્યાં કેવું તળાવ ને કેવાં કમળ. ન કાદવ, ન પંકજ 'આતાં નષ્ટઃ મુલઃ કુતો શારવા' મૂળ જ જ્યાં નથી, જ્યાં નીર જ સુકાઇ ગયા છે. ત્યાં વળી અન્ય કલ્પના કેવી. કદાચ શંકરાચાર્યજીએ રૂપક દ્વારા એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે. કે વિવેકહીન વ્યક્તિ પાસે શું આશા રાખવી. જ્યાં પાણી જ નથી ત્યાં પાણીવાળા પણ ક્યાંથી.

ત્રીજો પ્રશ્ન તો વધારે મહત્વનો છે. અહીં આપણાં પરિવાર તરફ નિશાન તકાયું છે. આ સંસારમાં સૌ સ્વાર્થના સગાં છે. દરેકને પોતાનો નાનો કે મોટો સ્વાર્થ જ વળગ્યો છે. ઋષિ યાજ્ઞવલ્કય પત્નીને સમજાવતાં કહે છે, સૌને પોતાનો આત્મા જ સૌથી વધારે પ્રિય છે. વ્યક્તિ પાસે દ્રવ્ય હોય. અર્થ હોય ત્યાં સુધી સૌ વળગેલાં રહે છે. સત્તા અને સામાજિક મોભો આ દ્રવ્યન કારણે મળે છે. ભર્તુહરિ તો સ્પષ્ટ કહે છે, 'તમામ ગુણો કાંચનમાં જ સમાય છે. જ્યાં મધ છે ત્યાં માયાઓ ભેગીથાયછે. ત્યાં મિત્રો, સ્નેહીઓ ટોળે વળે છે, ભાઇ-ભાઇ થાય છે.'

પણ જો સૌને ખબર પડે કે 'ભાઇ' ની સ્થિતિ બગડી છે તો ડૂબતા વહાણમાંથી ઉંદરડા ભાગી છૂટે તેમ સૌ દૂર થઇ જાય છે. રાજા હરિશ્ચંદ્ર, તથા નળ ને પણ તેના જ ગામનાં લોકોએ મદદ નથી કરી.

ચાણક્ય કહે છે કે મિત્ર તથા સ્ત્રીની પરીક્ષા તો નિર્ધનતામાં થાય છે. સાચો મિત્ર કે પતિવ્રતા સ્ત્રી ક્યારેય છોડી જતાં નથી પણ મોટા ભાગે તો ફટકિયા મોતી જ હોય છે. જે એકાદ ફટકે ફૂટી જાય. અર્થ-પ્રધાન સંસ્કૃતિ ધરાવતાં પ્રદેશોમાં તો આ દૃશ્ય વારંવાર જોવા મળે છે. જ્યાં અર્થ જ જીવનનું કેન્દ્રબિંદુ હોય ત્યાં પ્રેમ-સ્નેહ આદિ લાગણીઓ ગૌણ બની જાય છે. આવા પરિવાર ધરાવતા લોકો માટે આચાર્યનો આ પ્રશ્ન છે. હવે દ્રવ્ય નષ્ટ થયું.

હવે સૌ પરિવારના સભ્યો તને છોડી ગયા છે. હવે તારો કયો પરિવાર છે? જેને તે તારા માન્યા હતા તે તો ગયા હવે તો જાગ અને જ્ઞાન પ્રાપ્ત કરી પરમ - તત્વને મેળવ... અંતિમ ચરણ સૌથી શ્રેષ્ટ ચરણ છે. 'જ્ઞાતે તત્વે ક સંસાર...' આ સંસાર છે. અહીં તત્ત્વને જાણવાની, માત્ર વાતો કરવાની નહીં... જાણવાની વાત છે.

નરસિંહ કહે છે, જ્યાં લગી આત્મા તત્વ ચિન્યો નહીં' આ જીવને તત્વની ઓળખ ન થઇ ત્યાં સુધી સંસાર સુખ અમૃત જેવું લાગે છે. મન સંસારમાં વળગેલું રહે છે. બાકી તો 'ચિત્તે ચલતિ સંસાર' તેમ આ સંસાર તો સ્વપ્નવત છે. ભગવાન શંકરાચાર્ય તો આને મહાન સ્વપ્ન ગણે છે. સ્વપ્નમાં ચમકતો માણસ અનેક ભૂમિકામાં પોતાને જીવે છે. અનુભવે છે. પણ જ્યારે તે જાગૃત થાય છે ત્યારે એ સ્વપ્નમાં રાચતો નથી. રાજા જનકને પ્રશ્ન થયેલો 'શું સાચું છે?' ઊંઘમાં તો અટપટા ભોગ ભાસે. પણ જાગીને જોઇ તો કંઇ જ ન રહે. તેવું જ આ જગત અંગે છે.

આ વિશ્વ એક અધ્યાસ છે. આપણે માની લીધેલી ભૂલ છે. કારણ આપણી અવિદ્યા છે. અહીં તો સર્વત્ર બ્રહ્મ જ છે. અલગ ન કશું છે ન કશું કોઇ શકે. સર્વત્ર બ્રહ્મ વિવિધ નામરૂપ ધરીને નૃત્ય કરે છે. બ્રહ્મ તત્ત્વનું જ્ઞાન થતાં અવિદ્યાનો અંધકાર દૂર થાય છે. ભગવાન ગીતામાં કહે છે. જ્ઞાનરૂપી સૂર્યનાં પ્રકાશથી સઘળું ઉજ્જવળ બની પ્રકાશી ઊઠે છે. સંસાર આપોઆપ નાશ પામે છે. પ્રભુની માયા તત્વના જ્ઞાન થતાં સંકેલાઇ જાય છે. આ તો બ્રહ્મનો જ વિવર્ત છે. તેનો ખ્યાલ આવતાં ચિત્ત એક જ તત્વમાં સમાઇ જાય છે. ત્યારે સંસારમાં કોઇ માયા કે મોહ વ્યક્તિને ખેંચી નથી શકતો.

આપણને આપણા સામાન્ય દૈનિક અનુભવમાં સત્ય સમજાતું નથી. આપણે વિશ્વને સત્ય માનીએ છીએ. દ્વૈતવાદમાં માનનારા આપણા આચાર્યો પણ વિશ્વની સત્તાને સ્વીકારે છે. વિશ્વની સત્તા વિશે અનેક વિચારો તથા મંતવ્યો વિવિધ દર્શનોમાં જાણવા મળે છે. પરંતુ આચાર્ય પોતાના અદ્વૈત - સિધ્ધાંતના ટેકા માટે આ સ્ત્રોત રચેલ છે. એટલે 'બ્રહ્મ સત્ય-જગત મિથ્યા' નો સિધ્ધાંત જ અહીં કેન્દ્ર સ્થાને છે. આ છેલ્લા ચરણમાં એ જ વાત સ્પષ્ટ કરી છે કે તત્ત્વનું જ્ઞાન થતાં સંસાર આપોઆપ સંકેલાઇ જાય. પછી સંસારના સુખદુઃખ કેવા...

આમ આ ચાર પ્રશ્નોમાં શંકરાચાર્ય આપણે સતત જાગૃત કરતા કહે છે કે વિષયભોગ ત્યાગી - દ્રવ્યનો નાશ થતાં પરિવારનો મોહ છોડી જાગૃત થાઓ. પોતાના શિષ્યોને ઉપદેશ આપતા કહે છે. 'આ સંસારમાં અનેક મુશ્કેલી છે. જ્ઞાનનો માર્ગ દુષ્કર છે માટે હે શિષ્યો જાગૃત થાઓ... જાગૃત થાઓ.'